ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 74 ■ અંક : 12 ■ તારીખ : 20, સપ્ટેમ્બર, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

સહકાર મંત્રાલય દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ટેક્નોલોજી આધારિત સહકારી વિકાસની સમીક્ષા

નવી દિલ્હી: સહકાર મંત્રાલયના સચિવ ડૉ. આશિષ ભુટાણીએ તા. 27 અને 31 ઓગસ્ટના રોજ નવી દિલ્હીના અટલ અક્ષય ઊર્જા ભવન ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ સાથે બે દિવસીય સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં સહકારી ક્ષેત્રની વિવિધ મહત્ત્વપૂર્ણ યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી, ચાલુ કાર્યક્રમોના અસરકારક અમલીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં સહકાર મંત્રાલયના એડિશનલ સેક્રેટરી શ્રી પંકજ કુમાર બંસલ અને શ્રી સિદ્ધાર્થ જૈન, તેમજ સંયુક્ત સચિવ શ્રી આનંદ કુમાર ઝા, શ્રી રમણ કુમાર અને શ્રી શિવ પાલ સિંહ સહિત મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં પાયાના સ્તરે સહકારી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. તેમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)નું કોમ્પ્યુટરાઈઝેશન, નવી સહકારી મંડળીઓની રચના તથા નિષ્ક્રીય મંડળીઓનું પુનઃજીવન, સભ્ય સંખ્યા વધારવા, ડેટાની ચકાસણી અને મોડેલ બાયલૉઝનો અમલ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સહકારી સંસ્થાઓની ડિજિટલ દેખરેખ, ડેટા ચકાસણી અને વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવામાં મદદરૂપ થતાં ડિજિટલ પ્લેટફોર્મ NCD Portal 3.0 અને NCD GeoTag Mobile Applicationની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

PACS આધારિત અનાજ સંગ્રહ પ્રોજેક્ટ્સ પણ બેઠકનો મહત્ત્વનો વિષય રહ્યો હતો. આ પહેલ દ્વારા PACSને વિકેન્દ્રિત અનાજ સંગ્રહ માળખું ઊભું



PACS કોમ્પ્યુટરાઇઝેશન અને સહકારી બેન્કોના આધુનિકીકરણ પર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ

અનુસંધાન પાના નંબર : 2

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિકાસ માટે કો-ઓપરેટિવ ફેડરેલિઝમનો મંત્ર અપનાવ્યો : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

અમદાવાદ : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગોવામાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાયેલી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં સ્પષ્ટ મત દર્શાવ્યો કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિકાસ માટે કો-ઓપરેટિવ ફેડરેલિઝમનો મંત્ર અપનાવ્યો છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાયેલી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની આ 28મી બેઠકમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને ગોવાના મુખ્યમંત્રીઓ તથા કેન્દ્રશાસિત પ્રદેશ દીવ-દમણ-દાદરા નગર હવેલીના પ્રશાસક પણ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલ માત્ર સલાહકાર પરિષદ નહીં પરંતુ પરિણામ કેન્દ્રિત કાર્ય મંચ બને તેવો કેન્દ્રીય ગૃહ મંત્રીનો હંમેશાં દૃષ્ટિકોણ રહ્યો છે. આના કારણે વિકસિત ભારત 2047ના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવામાં રાજ્યોને નવું બળ મળતું રહે છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ 112 સેવાઓની ત્વરિત ઉપલબ્ધતા, યૌન અપરાધ જેવા ગંભીર ગુનાઓના ગુનેગારોને તાત્કાલિક સજા માટે કાર્યરત ફાસ્ટ ટ્રેક કોર્ટ,



માતા અને શિશુઓના પોષણ માટેની વ્યવસ્થાઓને સરકારની પ્રાથમિકતા અને ગ્રામીણ વિસ્તારો સુધી સહકારી ક્ષેત્રના વ્યાપની પ્રભાવક પ્રસ્તુતિ આ બેઠકમાં કરી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બેઠકમાં બેસ્ટ પ્રેક્ટિસ શેરિંગ અંતર્ગત ગુજરાતની બેસ્ટ પ્રેક્ટિસ તરીકે ગોબર-ધન યોજનાની પ્રસ્તુતિ કરી હતી.

ગુજરાતમાં આ ગોબર ધન યોજના અન્વયે ઘરેલું ગોબર ગેસ પ્લાન્ટ મોડેલમાં 14,745 ગ્રામીણ પરિવારને આવરી લેવામાં આવ્યા છે. બળતણમાં થતા ખર્ચમાં આવા ઘરેલું પ્લાન્ટના પરિણામે વાર્ષિક 36.86 કરોડની બચત થઈ છે એટલું જ નહીં, દર વર્ષે 12,800 મેટ્રિક ટનથી વધુનું કાર્બન ઉત્સર્જન પણ ઘટ્યું છે. આ ઉપરાંત વાર્ષિક 3.81 કરોડ લિટરની જે બાયો સ્લરી મળે છે તેનાથી ઓર્ગેનિક ખેતીને બળ મળ્યું છે અને રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડવામાં મદદ મળી છે.

સહકારી ધિરાણ વ્યવસ્થાને નાબાર્ડની વધુ નાણાકીય સહાય: સહકારી વિકાસ ફંડના ખર્ચમાં 93 ટકાનો વધારો

નવી દિલ્હી : ભારતની સહકારી ગ્રામીણ ધિરાણ વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે નાબાર્ડ (NABARD) દ્વારા વર્ષ 2025-26 દરમિયાન નાણાકીય સહાયમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. નાબાર્ડના 31 માર્ચ, 2026ના રોજ પૂરા થયેલા વર્ષના ઓડિટેડ નાણાકીય હિસાબો અનુસાર, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (DCCBs)ને આપવામાં આવતું સીધું રિફાઇનાન્સ વધીને ₹33,785.65 કરોડ થયું છે, જે વર્ષ 2024-25માં ₹27,767.64 કરોડ હતું. આમ, એક જ વર્ષમાં ડીસીસીબી રિફાઇનાન્સમાં ₹6,018.01 કરોડનો વધારો નોંધાયો છે.

નાબાર્ડના રિફાઇનાન્સ પોર્ટફોલિયોમાં ઉત્પાદન અને માર્કેટિંગ ધિરાણ હેઠળ ₹1,81,068.83 કરોડ, જ્યારે મધ્યમ અને લાંબા ગાળાની પ્રોજેક્ટ લોન હેઠળ ₹2,89,283.02 કરોડનો સમાવેશ થાય છે. આ રિફાઇનાન્સ વ્યવસ્થામાં રાજ્ય સહકારી બેંકો (StCBs), રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામ વિકાસ બેંકો (SCARDBs) તથા પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs) સહિતની વિવિધ સંસ્થાઓનો સમાવેશ થાય છે.



નાબાર્ડનું ડીસીસીબી રિફાઇનાન્સ રૂા. 33,786 કરોડ થયું

પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ના આધુનિકીકરણ માટે હાથ ધરાયેલા PACS કમ્પ્યુટરાઈઝેશન પ્રોજેક્ટમાં પણ નાબાર્ડની નાણાકીય પ્રવૃત્તિમાં વધારો થયો છે. કેન્દ્ર પ્રાયોજિત PACS કમ્પ્યુટરાઈઝેશન પ્રોજેક્ટ હેઠળ વર્ષ 2025-26 દરમિયાન ₹83.22 કરોડનો ખર્ચ/એડજસ્ટમેન્ટ નોંધાયો હતો. આ પ્રોજેક્ટ ખાતામાં વર્ષના પ્રારંભે ₹17.48 કરોડનું બેલેન્સ હતું, જ્યારે વર્ષ દરમિયાન ₹65.55 કરોડની રકમ પરત મળી હતી. PACSનું ડિજિટાઈઝેશન સહકારી ધિરાણ વ્યવસ્થાના પાયાના સ્તરે ડિજિટલ માળખું વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

નાબાર્ડના સહકારી વિકાસ ફંડ (Cooperative Development Fund-CDF) હેઠળના ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ 2024-25માં ₹54.55 કરોડ રહેલો CDF ખર્ચ વર્ષ 2025-26માં વધીને ₹105.25 કરોડ થયો છે, એટલે કે લગભગ 93 ટકાનો વધારો થયો છે. માર્ચ 2026ના અંતે CDFનું બેલેન્સ ₹300 કરોડ હતું.

નાબાર્ડનો વિવિધ વિકાસ ફંડ હેઠળનો

અનુસંધાન પાના નંબર : 2

ગુજરાતના ડેરી ખેડૂતોને 6.57 લાખથી વધુ રૂપે કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ

'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને વેગ આપતી સહકારી બેન્કિંગ નેટવર્ક દ્વારા ડેરી ખેડૂતોને સરળ ધિરાણ સુવિધા

અમદાવાદ: ગુજરાતના ડેરી ખેડૂતોને સંસ્થાકીય ધિરાણની સુવિધા વધુ સરળતાથી ઉપલબ્ધ બને તે દિશામાં મહત્વપૂર્ણ પહેલરૂપે 6.57 લાખથી વધુ નવા રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ (RuPay KCC)નું વિતરણ કરવામાં આવ્યું છે. આ યોજનામાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો (DCCBs) તથા રાજ્ય સહકારી બેન્ક (StCB)ની ભૂમિકા મહત્વપૂર્ણ છે. સહકારી બેન્કોના વ્યાપક નેટવર્કના માધ્યમથી ડેરી ખેડૂતો સુધી નાણાકીય સેવાઓ પહોંચાડીને ગ્રામ્ય સ્તરે નાણાકીય સમાવેશને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પહેલથી ડેરી ક્ષેત્ર સાથે સંકળાયેલા ખેડૂતોને સહકારી બેન્કિંગ નેટવર્ક મારફતે સમયસર ધિરાણ, સરળ નાણાકીય વ્યવહારો અને ડિજિટલ ચૂકવણીની સુવિધા ઉપલબ્ધ બની છે.



રૂપે કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી ડેરી ખેડૂતોને તેમની રોજિંદી અને આવર્તિત જરૂરિયાતો માટે કાર્યકારી મૂડી સરળતાથી મળી શકશે. પશુઆહાર, પશુચિકિત્સા, દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલા ખર્ચ તથા અન્ય તાત્કાલિક નાણાકીય જરૂરિયાતો પૂરી કરવામાં આ ક્રેડિટ સુવિધા ખેડૂતો માટે ઉપયોગી બની રહેશે. સહકારી બેન્કિંગ વ્યવસ્થા દ્વારા ઉપલબ્ધ થતી આ ધિરાણ સુવિધા ખેડૂતોને ઓછા ખર્ચે

અનુસંધાન પાના નંબર : 2

એનસીઈએલની નિકાસ પ્રવૃત્તિનો સીધો આર્થિક લાભ સભ્યો સુધી પહોંચે છે

38 દેશોમાં રૂા. 6,341 કરોડની કૃષિ પેદાશોની નિકાસ; 15.40 લાખ મેટ્રિક ટન માલ વૈશ્વિક બજારમાં પહોંચ્યો

નવી દિલ્હી: ભારતની સહકારી સંસ્થાઓની પેદાશોને વૈશ્વિક બજાર સાથે જોડવાની દિશામાં નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL) દ્વારા મહત્વપૂર્ણ પ્રગતિ કરવામાં આવી છે. સહકારી ક્ષેત્રની વધારાની પેદાશોને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવા તેમજ સહકારી સભ્યોને બજારની વધુ સારી તક અને પેદાશના યોગ્ય ભાવ અપાવવાના હેતુથી એનસીઈએલની નિકાસ પહેલને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે.

સહકાર મંત્રાલયના જણાવ્યા અનુસાર કુલ 15.40 લાખ મેટ્રિક ટન કૃષિ પેદાશોની નિકાસ કરવામાં આવી છે. આ નિકાસનું કુલ વેપાર મૂલ્ય ₹6,341 કરોડ જેટલું છે અને આ પેદાશો 38 દેશોના આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચાડવામાં આવી છે. 16,408 પ્રાથમિક કૃષિ ધિરાણ



મંડળીઓ (PACS) અને અન્ય સહકારી સંસ્થાઓ એનસીઈએલ સાથે જોડાઈ છે. એનસીઈએલ દ્વારા અત્યાર સુધીમાં 54 જેટલી કૃષિ પેદાશોની નિકાસ કરવામાં આવી છે, જેમાં ચોખા, ઘઉં, મકાઈ, ખાંડ, ડુંગળી અને જીરું જેવી મહત્વપૂર્ણ કૃષિ પેદાશોનો સમાવેશ થાય છે.

સહકારી સંસ્થાઓને માત્ર નિકાસના અંતિમ તબક્કા સુધી મર્યાદિત ન રાખીને એનસીઈએલ સમગ્ર નિકાસ

અનુસંધાન પાના નંબર : 3

સ્પર્ધાત્મકતામાં ટકી રહેવા અને સભ્યસેવા સુધારવા માટે ક્રેડિટ યુનિયનોએ ટેક્નોલોજીને અપનાવવી પડશે

મેડિસન, વિસ્કોન્સિન.: વર્લ્ડ કાઉન્સિલ ઑફ ક્રેડિટ યુનિયન્સ (WOCCU) દ્વારા વૈશ્વિક ક્રેડિટ યુનિયન અને નાણાકીય સહકારી ક્ષેત્ર અંગેનો તાજેતરનો 2025 સ્ટેટેસ્ટિકલ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ અહેવાલ વૈશ્વિક સહકારી નાણાકીય ક્ષેત્રની વ્યાપકતા, વિવિધતા, બદલાતી ટેક્નોલોજી અને ભવિષ્યના પડકારો અંગે મહત્વપૂર્ણ ચિત્ર રજૂ કર્યું છે. અને વિશ્વના વિવિધ વિસ્તારોમાં ક્રેડિટ યુનિયન ક્ષેત્રના કદ અને માળખામાં રહેલી વિવિધતા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.



વૈશ્વિક ક્રેડિટ યુનિયન ક્ષેત્રમાં 42 કરોડ સભ્યો, 3.98 ટ્રિલિયન ડોલરની સંપત્તિ

અહેવાલ અનુસાર, વર્ષ 2025ના અંતે વિશ્વના 93 દેશોમાં આશરે 61,838 ક્રેડિટ યુનિયનો અને નાણાકીય સહકારી સંસ્થાઓ કાર્યરત હતી, જે લગભગ 42 કરોડ સભ્યોને નાણાકીય સેવાઓ પૂરી પાડી રહી હતી. આ સંસ્થાઓ દ્વારા કુલ 3.98 ટ્રિલિયન અમેરિકન ડોલરની સંપત્તિનું સંચાલન કરવામાં આવ્યું હતું. વૈશ્વિક સ્તરે ક્રેડિટ યુનિયનોમાં 3.34 ટ્રિલિયન ડોલરની બચત અને શેર મૂડી, આશરે 2.83 ટ્રિલિયન ડોલરની લોન નોંધાઈ છે.

ટેક્નોલોજીના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને અહેવાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના વધતા ઉપયોગ, તેના અમલીકરણમાં રહેલા અવરોધો તેમજ સહકારી સંસ્થાઓમાં બદલાતી ગવર્નન્સ પ્રાથમિકતાઓ અંગે પણ વિશેષ માહિતી આપવામાં આવી છે. આથી સ્પષ્ટ થાય છે કે આગામી સમયમાં ક્રેડિટ યુનિયન ક્ષેત્ર માટે ટેક્નોલોજીનો સ્વીકાર માત્ર વિકલ્પ નહીં પરંતુ સ્પર્ધાત્મકતા અને સભ્યસેવા સુધારવા માટે આવશ્યક બની રહેશે.

એકંદરે, WOCCUનો 2025નો સ્ટેટેસ્ટિકલ રિપોર્ટ વૈશ્વિક ક્રેડિટ પ્રવૃત્તિના વિશાળ કદ, વિવિધતા અને પરિવર્તનના તબક્કામાંથી પસાર થતાં આંદોલન તરીકે રજૂ કરે છે. બદલાતી ટેક્નોલોજી, નિયમનકારી પડકારો અને નવી નાણાકીય સ્પર્ધા વચ્ચે સભ્યકેન્દ્રિત અભિગમ જાળવી રાખવો, સહકારી નેતૃત્વને મજબૂત બનાવવું અને વિશ્વના વિવિધ દેશોના અનુભવોમાંથી શીખવું આગામી સમય માટે મહત્વપૂર્ણ બનશે.

શહેરી સહકારી બેન્કોમાં સુશાસન અને સાયબર નિયંત્રણો મજબૂત બનાવવા જોઈએ : ડેપ્યુટી ગવર્નર RBI

નવી દિલ્હી: RBIના નવી દિલ્હી સ્થિત કાર્યાલય ખાતે તા. 3 સપ્ટેમ્બર, 2026ને મંગળવારે રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ (RCSs)ની ત્રીજી પરિષદ યોજાઈ હતી. પરિષદમાં RBIના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જે. અને શિરીષ ચંદ્ર મૂર્મુ, કેન્દ્રીય સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શિવ પાલ સિંહ, વિવિધ રાજ્યોના RCS તથા RBIના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભારતીય રિઝર્વ બેન્કે શહેરી સહકારી બેંકો (UCBs)માં વધુ મજબૂત સુશાસન, વ્યાવસાયિક નેતૃત્વ અને સંસ્થાકીય ક્ષમતા વિકસાવવા પર ભાર મૂક્યો હતો. સાથે સાથે RBIએ સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર (RCS), કેન્દ્રીય સહકારી



મંડળીઓના રજિસ્ટ્રાર (CRCS) અને RBI વચ્ચે વધુ સુમેળભર્યા સંકલનની જરૂરિયાત પણ દર્શાવી હતી.

પરિષદને સંબોધતાં શહેરી સહકારી બેંકોમાં સુશાસન અને સંસ્થાકીય ક્ષમતાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકી ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જે.એ અને RBI તથા RCS/CRCS સત્તાધિકારીઓ વચ્ચે વધુ નજીકના

અનુસંધાન પાના નંબર : 2

PM-KUSUMની હરિત ઊર્જા પહેલમાં PACSની મહત્વપૂર્ણ ભૂમિકા

નવી દિલ્હી: દેશના સહકારી ક્ષેત્રની પાયાની સંસ્થાઓ એવી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) હવે ભારતના સહકારી આંદોલન અને નવીનીકરણીય ઊર્જા તરફના પરિવર્તન વચ્ચે મહત્વપૂર્ણ કડી બની રહી છે. PACS સ્તરે PM-KUSUM યોજનાના સંકલન (Convergence)થી સૌર ઊર્જા આધારિત કૃષિ અને ખેડૂતો માટે વધારાની આવકની નવી તકો ઊભી થઈ રહી છે.

સહકાર મંત્રાલયે PACS સ્તરે PM-KUSUMના સંકલનને પોતાની મહત્વપૂર્ણ પહેલોમાં સ્થાન આપ્યું છે. આ અંતર્ગત PACS સાથે જોડાયેલા ખેડૂતો સૌર કૃષિ પંપ અપનાવી શકે છે તેમજ પોતાના ખેતરોની આસપાસ ફોટોવોલ્ટેઇક (PV) મોડ્યુલ સ્થાપિત કરી શકે છે. આથી પરંપરાગત ઊર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડી શકાય છે અને ખેડૂતોની ઊર્જા સુરક્ષા વધુ મજબૂત બની શકે છે.

PM-KUSUM એટલે 'પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન'. આ યોજના કૃષિ ક્ષેત્રમાં સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા, ડીઝલનો વપરાશ ઘટાડવા, ખેડૂતોની આવક વધારવા તેમજ ઊર્જા અને જળ સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી અમલમાં મૂકવામાં આવી છે. યોજનાના મુખ્ય ત્રણ ઘટકોમાં વિકેન્દ્રિત સૌર ઊર્જા પ્લાન્ટની સ્થાપના, સ્ટેન્ડઅલોન સૌર કૃષિ પંપ તથા ગ્રીડ સાથે જોડાયેલા કૃષિ પંપ અને ફીડરોનું સૌરીકરણ સામેલ છે.

આ યોજનાના કમ્પોનન્ટ-એમાં સહકારી ક્ષેત્રની ભૂમિકા વિશેષ મહત્વપૂર્ણ છે. નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) અનુસાર વ્યક્તિગત ખેડૂતો ઉપરાંત ખેડૂતોના જૂથો, સહકારી મંડળીઓ, પંચાયતો, ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન (FPO) અને વોટર યુઝર એસોસિએશન સામાન્ય રીતે 500 કિલોવોટથી 2 મેગાવોટ સુધીની ક્ષમતાવાળા નવીનીકરણીય ઊર્જા પ્લાન્ટ સ્થાપી શકે છે. આવા પ્લાન્ટમાંથી ઉત્પન્ન વીજળી સંબંધિત રાજ્યના વીજ નિયમન પંચ દ્વારા મંજૂર દરે વીજ વિતરણ કંપનીઓને વેચી શકાય છે.

MNREની PM-KUSUM FAQમાં PACSને કમ્પોનન્ટ-એ હેઠળ પાત્ર સંસ્થા તરીકે સ્પષ્ટપણે સ્થાન આપવામાં આવ્યું છે. પરિણામે PACS માત્ર પરંપરાગત ધિરાણની ભૂમિકા પૂરતી મર્યાદિત ન રહીને વિકેન્દ્રિત નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન ક્ષેત્રમાં પણ પ્રવેશ કરી શકે છે. બિનઉપજાઉ અથવા ખેતીલાયક ન હોય તેવી જમીન પર સૌર પ્રોજેક્ટ સ્થાપી શકાય છે. ચોક્કસ પરિસ્થિતિઓમાં



સૌર કૃષિ પંપ અને ફોટોવોલ્ટેઇક મોડ્યુલ સ્થાપનથી ખેડૂતોને ઊર્જા સુરક્ષા સાથે વધારાની આવકની તકો

ખેતીની જમીનનો પણ સ્ટિલ્ટ-માઉન્ટેડ સૌર સ્થાપનો દ્વારા ઉપયોગ કરી શકાય છે, જેથી નીચેની જમીન પર ખેતી ચાલુ રાખી શકાય.

સૌર સિંચાઈ ક્ષેત્રે પણ સહકારી સંસ્થાઓ માટે વિશાળ સંભાવનાઓ છે. સરકારી માહિતી અનુસાર PACS સ્ટેન્ડઅલોન સૌર પંપ ઉપલબ્ધ કરાવવામાં તેમજ હાલના ગ્રીડ સાથે જોડાયેલા કૃષિ પંપના સૌરીકરણમાં ભાગ લઈ શકે છે. આથી ખેડૂતોના સિંચાઈ ખર્ચમાં ઘટાડો થઈ શકે છે અને ખેતી માટે દિવસ દરમિયાન વધુ વિશ્વસનીય વીજળી ઉપલબ્ધ થઈ શકે છે.

PACS માટે આ પહેલ નવી આવક અને આર્થિક પ્રવૃત્તિનું સાધન પણ બની શકે છે. સહકારી સંસ્થા વિકેન્દ્રિત સૌર પ્રોજેક્ટને સુગમ બનાવે અથવા તેમાં ભાગીદાર બને તો સ્થાનિક ખેડૂતોને સ્વચ્છ ઊર્જા ઉપલબ્ધ કરાવવામાં મદદ કરી શકે છે અને સાથે નવીનીકરણીય ઊર્જામાંથી આવક ઊભી કરી શકે છે. યોગ્ય જમીન પ્રોજેક્ટ માટે ભાડે આપતા ખેડૂતોને લીઝ આવક પણ મળી શકે છે, જ્યારે સૌરીકરણથી ડિઝલ અને વીજળી પાછળ થતા નિયમિત ખર્ચમાં ઘટાડો થઈ શકે છે. PM-KUSUM યોજનાના વ્યાપને ધ્યાનમાં લેતાં સહકારી ક્ષેત્ર માટે આ તક અત્યંત મહત્વપૂર્ણ છે. 31 જુલાઈ, 2026 સુધીમાં PM-KUSUMના કમ્પોનન્ટ-એ હેઠળ 8,067.50 મેગાવોટ ક્ષમતા મંજૂર કરવામાં આવી હતી, જેમાંથી 1,602.45 મેગાવોટ ક્ષમતા સ્થાપિત થઈ ચૂકી હતી. કમ્પોનન્ટ-બી હેઠળ 8,07,256 સ્ટેન્ડઅલોન સૌર પંપ સ્થાપિત કરવામાં આવ્યા હતા, જ્યારે કમ્પોનન્ટ-સી હેઠળ પણ કૃષિ પંપ અને ફીડરોના સૌરીકરણમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. સરકારના અહેવાલ અનુસાર 31 ડિસેમ્બર, 2025 સુધીમાં 21.77 લાખથી વધુ ખેડૂતો PM-KUSUM યોજનાથી લાભાન્વિત થયા હતા. આથી યોજનાનો વ્યાપ અને ગ્રામ્ય અર્થતંત્ર પર તેની સંભવિત અસર સ્પષ્ટ થાય છે.

સહકારી ક્ષેત્રની દૃષ્ટિએ PM-KUSUM માત્ર ઊર્જા યોજના નથી. PACSના માધ્યમથી સૌર ઊર્જા ઉત્પાદન અને સૌર સિંચાઈના ઉકેલો ગામડાંની નજીક પહોંચે તો PACS સ્વચ્છ ઊર્જા, કૃષિ ખર્ચમાં ઘટાડો અને નવી આવકની તકો માટેના સ્થાનિક કેન્દ્રો બની શકે છે. આ સંકલન સહકારી સંસ્થાઓને હરિત અને આત્મનિર્ભર ગ્રામ્ય અર્થતંત્રના નિર્માણમાં નવી ભૂમિકા આપીને 'સહકારથી સમૃદ્ધિ'ના વ્યાપક ઉદ્દેશને વધુ મજબૂત બનાવી શકે છે.

યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

લુણાવાડા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ અને મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે તારીખ 17/08/26 થી તારીખ 22/08/26 દરમિયાન શ્રી પી.એન. પંડ્યા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ,લુણાવાડા, તા-લુણાવાડા, જિ-મહીસાગર ખાતે યુવક સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામના ઉદઘાટન અને પૂર્ણાહુતિ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલશ્રી પ્રો. એ. બી. પંડ્યા એ જણાવ્યું હતું કે, સહકારી સંઘો થકી શાળાઓ અને મહાશાળાઓમાં આવા પ્રોગ્રામો યોજી વિદ્યાર્થીઓને સહકારની જાણકારી અપાય છે. જે ખૂબ આવકાર્ય છે. પ્રો.ડૉ.જસવંતસિંહ ચૌધરીએ આ પ્રસંગે સહકારી માળખા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ સ.ચૌહાણે સહકારી શિક્ષણની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ડૉ.શંકરભાઈ પટેલે જણાવ્યું હતું કે, સહકાર વિષય એ વિશાળ ફલક ઉપર ફેલાએલો છે, તેમાં રોજગારી મેળવવાના ઘણાં વિકલ્પો રહેલા છે. આ પ્રોગ્રામને સફળ બનાવવા ડૉ.ગીતાબેન પંચાલ, ડૉ.એલીસાબેન, ડૉ.ભાવિકાબેન વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. અભ્યાસ પ્રવાસ દરમિયાન પંચમહાલ ડેરીના લુણાવાડાના ચોપડા ચિલિંગ સેન્ટરના સ્ટાફે ચિલિંગ સેન્ટરના પ્લાન્ટ બતાવીને તેની કામગીરી અંગે માહિતી આપી હતી.

આ યુવક વર્ગનું સફળ સંચાલન કરી શ્રી મોતીભાઈએસ.પગીએ છ દિવસ દરમિયાન યુવક સહકારી શક્ષણ વર્ગના સમયપત્રક મુજબ માહિતી માર્ગદર્શન આપ્યું હતું.



શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,નડીયાદ મુકામે

"ડિપ્લોમા ઇન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ" કોર્સ સત્ર નં.-60 પૂર્ણાહૂતિ કાર્યક્રમ

નડીયાદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ,અમદાવાદ સંચાલિત શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,નડીયાદ ખાતે "ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ" (ડી. સી. એમ.) સત્ર નં.-60નો પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘના આસિ.એ.ઓ. અને શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નડીયાદના પ્રિન્સિપાલ શ્રી શીતલભાઈ પી.ભટ્ટના અધ્યક્ષ સ્થાને અને વડોદરા જિલ્લા સહકારી સંઘના એ.ઓ.શ્રી અમિતભાઈ પટેલના મુખ્ય મહેમાનના પદે યોજ્યો હતો.

મુખ્ય મહેમાન સ્થાનેથી વડોદરા જિલ્લા સહકારી સંઘના એ.ઓ.શ્રી અમિતભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિના જીવનમાં તાલીમનું એક આગવું મહત્વ હોય છે.



શિક્ષણ-તાલીમને ઉમર સાથે કોઈ સંબધ નથી માટે દરેક કર્મચારીઓએ પોતાની ખાતાકીય આવતી તાલીમોમાં અવશ્ય ભાગ લેવો જ જોઈએ.તાલીમ લેવાથી વ્યવસાયલક્ષી જ્ઞાનમાં વધારો થાય છે.

પૂર્ણાહુતિ કાર્યક્રમ ગુજરાત રાજ્ય સહકારી સંઘના આસિ.એ. ઓ. અને નડીયાદ તાલીમ કેન્દ્રના પ્રિન્સિપાલશ્રી શીતલભાઈ પી.ભટ્ટે રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ તાલીમ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

આભાર દર્શન કેન્દ્રના અધ્યાપકશ્રી ઉદેસિંહ પી.વાઘેલાએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના અધ્યાપિકા શ્રી વૈશાલીબેન રાવલે કર્યું હતું.

વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા યુવા સહકારી તાલીમ વર્ગ યોજાયો

વડોદરા: વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા ડો. ઠાકોરભાઈ પટેલ ગર્લ્સ કોલેજ, અકોટામાં મહિલા યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું પૂર્ણાહુતિ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાનેથી શ્રી પ્રવિણભાઈ પટેલ, અધ્યક્ષશ્રી વડોદરા જિલ્લા સહકારી સંઘના સાનિન્ધ્યમાં કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ પટેલ, વડોદરા જિલ્લા સહકારી સંઘ જેમને સહકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓમાં મહિલા, યુવાનોનો વિશેષ ફાળો તેમજ સહકારી ક્ષેત્ર વિશે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ પૂર્ણાહુતિ કાર્યક્રમની શરૂઆત મહેમાનોના શાબ્દિક સ્વાગતથી



કરી હતી. જેમાં ઉપસ્થિત વડોદરા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી પ્રવિણભાઈ પટેલ, ડો. ઠાકોરભાઈ પટેલ, ગર્લ્સ કોલેજ, અકોટાના પ્રિન્સિપાલશ્રી ચાર્મીબેન, અધ્યાપકશ્રીઓ, વડોદરા મહિલા સી.ઈ.આઈ.શ્રી રેશ્માબેન ડી. પટેલ, તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન આભારવિધિ કોલેજના અધ્યાપકશ્રી કિરણબેન રાજપુતે કરી હતી.

વર્ગનું મૂલ્યાંકન તાલીમ પામેલા તાલીમાર્થીએ ખૂબ સારું કર્યું હતું. જેમાં આ સહકારી વર્ગ એમના જીવન માટે ખૂબ જ ઉપયોગી બનશે તેમ જણાવ્યું હતું.

જામનગર જિલ્લા સહકારી બેન્કને પ્રતિષ્ઠિત 'ઇમર્જિંગ બેન્કિંગ એવોર્ડ' મળ્યો

જામનગર : જામનગર જિલ્લા સહકારી બેન્કને બેન્કિંગ ક્ષેત્રે પ્રગતિશીલ કામગીરી, નવીન અભિગમ અને સતત વિકાસ માટે પ્રતિષ્ઠિત 'ઇમર્જિંગ બેન્કિંગ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી છે. એક અગ્રણી ગુજરાતી ન્યૂઝ ચેનલ દ્વારા આપવામાં આવેલો આ એવોર્ડ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને રાજ્યના સહકાર મંત્રીશ્રી જીતુ વાઘાણીના હસ્તે એનાયત થયો હતો.

બેન્ક દ્વારા આધુનિક બેન્કિંગ સેવાઓ, ટેકનોલોજીનો ઉપયોગ અને ગ્રાહકોને સરળ તથા ઝડપી સેવા આપવા માટે કરવામાં આવેલા પ્રયાસોની આ એવોર્ડ દ્વારા નોંધ લેવામાં આવી છે. ચેરમેનશ્રી જીતુ લાલનાં માર્ગદર્શન હેઠળ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, અધિકારીઓ અને કર્મચારીઓના સહકારથી બેન્ક સતત પ્રગતિ કરી રહી છે. ખેડૂતો, નાના વેપારીઓ અને ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી નાણાકીય સેવાઓ પહોંચાડવામાં બેન્ક મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. આ સન્માન બદલ બેન્ક મેનેજમેન્ટે ગ્રાહકો, ખેડૂતો, સભાસદો, બોર્ડના સભ્યો, અધિકારીઓ, કર્મચારીઓ અને સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સન્માનથી સહકારી ક્ષેત્રમાં બેન્કની કામગીરીને નવી ઓળખ મળી છે અને ભવિષ્યમાં વધુ ઉત્તમ સેવાઓ આપવાનો ઉત્સાહ પણ ઘણો ખાસ વધ્યો છે.

છાડવાવદર સેવા સહકારી મંડળીની 75મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

ધોરાજી : ધોરાજી તાલુકાના છાડવાવદર ગામ ખાતે છાડવાવદર સેવા સહકારી મંડળી લિમિટેડની 75મી વાર્ષિક સાધારણ સભા સંસ્થાના પ્રમુખશ્રી હરેશભાઈ હેરભાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી જે.ડી. બાલધા, ધોરાજી માર્કેટિંગ યાર્ડના ચેરમેનશ્રી હરકિશનભાઈ માવાણી, અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના રાષ્ટ્રીય અગ્રણી શ્રી કિશોરભાઈ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મંડળીની પ્રગતિ માટે પ્રમુખ અને સભાસદોની કામગીરીને પ્રશંસનીય ગણાવી હતી. શ્રી હરકિશનભાઈ માવાણીએ પ્રમુખ શ્રી હરેશભાઈ હેરભાનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

સહકારી ધિરાણ વ્યવસ્થાને... પાના નં. 1નું અનુસંધાન

કુલ પ્રચારાત્મક અને વિકાસલક્ષી ખર્ચ ₹280.32 કરોડ રહ્યો હતો. તેમાં પ્રોડ્યુસર ડેવલોપમેન્ટ ફંડ હેઠળ ₹116.95 કરોડ, ફાર્મ સેક્ટર પ્રમોશન ફંડ હેઠળ ₹15.12 કરોડ અને ગ્રામ્ય વિકાસ નિધિ હેઠળ ₹37.66 કરોડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સોર્ટ ટર્મ કો-ઓપરેટિવ રૂરલ ક્રેડિટ ફંડમાં જમા રકમ પણ વધી છે. 31 માર્ચ, 2026ના રોજ આ ફંડની થાપણો વધીને ₹35,000 કરોડ થઈ હતી, જે એક વર્ષ અગાઉ ₹32,079.11 કરોડ હતી. વર્ષ 2025-26 દરમિયાન નાબાર્ડે આ થાપણો પર ₹1,662.89 કરોડનું વ્યાજ ચૂકવ્યું હતું.

નાબાર્ડના સ્ટેન્ડઅલોન નાણાકીય હિસાબો અનુસાર, સંસ્થાની કુલ એડવાન્સિસ વધીને ₹9,30,822.88 કરોડ થઈ છે. તેમાં RIDF હેઠળ ₹1,98,551.75 કરોડ તથા NABARD ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમોન્ટ આસિસ્ટંટ હેઠળ ₹53,574.88 કરોડનો સમાવેશ થાય છે. આ આંકડાઓ દર્શાવે છે કે નાબાર્ડ દ્વારા સહકારી ગ્રામીણ ધિરાણ વ્યવસ્થાને નાણાકીય અને માળખાકીય રીતે મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

'સહકારથી સમૃદ્ધિ'ના... પાના નં. 1નું અનુસંધાન

અને સમયસર નાણાં મેળવવામાં મદદરૂપ બનશે. રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ માત્ર ધિરાણ મેળવવાનું સાધન નહીં પરંતુ ડિજિટલ નાણાકીય વ્યવહારોને પ્રોત્સાહન આપતું માધ્યમ પણ બની રહ્યું છે. ખેડૂતોને કાર્ડ દ્વારા સુગમ ડિજિટલ ચૂકવણીની સુવિધા મળવાથી નાણાકીય વ્યવહારો વધુ સરળ, પારદર્શક અને ઝડપી બનવાની અપેક્ષા છે.

ખાસ કરીને સહકારી બેન્કો અને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ના માધ્યમથી કિસાન ક્રેડિટ કાર્ડનું વિસ્તરણ થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં સંસ્થાકીય ધિરાણની પહોંચ વધશે. આથી ખેડૂતોને અનૌપચારિક ધિરાણ પરની નિર્ભરતા ઘટાડવામાં તેમજ તેમની નાણાકીય સ્થિરતા મજબૂત કરવામાં મદદ મળશે.

રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં... પાના નં. 1નું અનુસંધાન

કરવામાં વધુ સક્રિય ભૂમિકા આપવાનો પ્રયાસ છે. તેનાથી ખેડૂતોને લાભ મળવાની સાથે કૃષિ પુરવઠા સાંકળની કાર્યક્ષમતા વધારવામાં પણ મદદ મળશે.

સહકારી બેન્કિંગ સંસ્થાઓને વધુ આધુનિક બનાવવા ટેક્નોલોજી અપનાવવી, વિવિધ પ્રણાલીઓનાં એકીકરણ કરવા અંગે ચર્ચા કરી સહકારી બેન્કોના આધુનિકીકરણ અને ડિજિટાઇઝેશન પર પણ વિશેષ ભાર મૂકાયો હતો.

બેઠકમાં ડેરી અને મત્સ્ય ક્ષેત્રને સહકારી આંદોલનના વિસ્તરણ માટેના મહત્ત્વના આધારસ્તંભ તરીકે વિકસાવવા સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલોની પ્રગતિ અંગે પણ ચર્ચા કરી ડેરી અને મત્સ્ય સહકારી મંડળીઓના ડેટાની ચકાસણીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. વધુમાં, સહકારી સંસ્થાઓ સુધી વધુ લોકોને જોડવા અને સભ્યપદનો વ્યાપ વધારવાના પ્રયાસોની સમીક્ષા કરવામાં આવી હતી.

સહકારી તાલીમ સંસ્થાઓને વધુ સશક્ત બનાવવા માટે તાલીમ કાર્યક્રમોમાં ગુણવત્તા સુધારવા તથા સંસ્થાકીય સહાય વધારવાની જરૂરિયાત પર ભાર મૂકી સહકારી ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણ અને તાલીમ વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ટેક્નોલોજીકલ પરિવર્તન સાથે માનવ સંસાધન વિકાસને પણ સમાન મહત્ત્વ આપવાનો આ અભિગમ સહકારી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. સમીક્ષા બેઠકમાં 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝન હેઠળ મજબૂત, સમાવેશી અને ટેક્નોલોજી આધારિત સહકારી ઈકોસિસ્ટમ ઊભું કરવાની સરકારની પ્રતિબદ્ધતાને પુનઃદૃઢ કરવામાં આવી હતી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ સહકારી પહેલોના અસરકારક અમલીકરણને ગ્રામીણ વિસ્તારો અને સહકારી સભ્યો સુધી વાસ્તવિક લાભ પહોંચાડવા માટે નિર્ણાયક ગણાવવામાં આવ્યું હતું.

શહેરી સહકારી બેન્કોમાં... પાના નં. 1નું અનુસંધાન

સંકલન, જરૂરી હોય ત્યાં સમયસર નિયમનકારી કાર્યવાહી તેમજ સાયબર માધ્યમથી થતા છેતરપિંડીના બનાવો અને 'મની-મ્યુલ' ખાતાઓ સામે વધુ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત ભાર મૂક્યો હતો. અને સહકારી બેન્કિંગ ક્ષેત્રમાં કૌશલ્ય અને ક્ષમતાવર્ધન માટેની મહત્વપૂર્ણ પહેલ તરીકે 'મિશન સક્ષમ' (Mission SAKSHAM)નો પણ ઉલ્લેખ કર્યો હતો.

UCBમાં વ્યાવસાયિક અને 'ફિટ એન્ડ પ્રોપર' બોર્ડ તથા વરિષ્ઠ મેનેજમેન્ટ, મજબૂત આંતરિક નિયંત્રણ વ્યવસ્થા, ટેક્નોલોજીનો વધુ વ્યાપક સ્વીકાર અને નબળી UCBના સમયસર નિરાકરણના મહત્વ પર ભાર મૂકી RBIના ડેપ્યુટી ગવર્નર શિરીષ ચંદ્ર મૂર્મુએ જણાવ્યું હતું કે, ભારતમાં સહકારની પરંપરા ખૂબ પ્રાચીન છે, પરંતુ જ્યારે કોઈ સહકારી સંસ્થાને બેન્ક તરીકે કાર્ય કરવાની પરવાનગી મળે છે ત્યારે તેની જવાબદારી અને જવાબદેહી બંનેમાં નોંધપાત્ર વધારો થાય છે. UCBના સતત વ્યાવસાયિકીકરણ તથા લિક્વિડેશન હેઠળની બેંકોના કેસોનો સમયસર નિકાલ કરવા પર ભાર મૂકી કેન્દ્રીય સહકારી મંડળીઓના રજિસ્ટ્રારશ્રી શિવપાલ સિંહે પણ સહકારી સત્તાધિકારીઓ અને RBI વચ્ચે વધુ નજીકના સંકલનની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

પરિષદ દરમિયાન શહેરી સહકારી બેંકો સાથે સંબંધિત વિવિધ સુશાસન, નિયમનકારી અને દેખરેખના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. તેમાં RBI તેમજ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC)ની અપેક્ષાઓ, UCBની આંતરિક વ્યવસ્થા, ટેક્નોલોજી આધારિત સુરક્ષા અને નબળી બેંકોના સમયસર નિરાકરણ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓનો સમાવેશ થયો હતો.

બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ની ખાસ સાધારણ સભા યોજાઈ

બારડોલી : ઐતિહાસિક નગર બારડોલીમાં 200 કરોડનો વ્યાપાર કરતી બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. સભાસદો તથા સંસ્થાનાં હિતમાં કામ કરવામાં તથા સામાજિક ઉત્તર દાયિત્વનાં ભાગરૂપે સમાજ ઉપયોગી કાર્યોમાં હંમેશા અગ્રેસર રહી છે. આ મંડળીની તારીખ 03-08-2026નાં રોજ સુરત જિલ્લા સહકારી સંઘ, બારડોલીમાં ખાસ સાધારણ સભા મળી હતી. તેમાં વર્તમાન બોર્ડને સહકાર મોલ, ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ, પેટ્રોલ-ડિઝલ પંપ, ઈલેકટ્રીક ચાર્જિંગ સ્ટેશન ચાલુ કરવા તથા આ માટે જમીન ખરીદવા માટે સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

મંડળીનાં પ્રમુખશ્રી નિરંજન માનાજી મિસ્ત્રીએ હાજર સભાસદોને આવકારતાં જણાવ્યું કે, ગુજરાત સ્ટેટ ક્રેડિટ ફેડરેશન, અમદાવાદ દ્વારા યોજાયેલ સેમિનારમાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિ.નાં ચેરમેન મા.શ્રી અજયભાઇ પટેલે આપેલ જાણકારીને અમે ગંભીરતાથી લઈ વ્યવસ્થાપક કમિટીની મિટિંગમાં મંજૂરી લઈ સભાસદોની મંજૂરી માટે ખાસ સાધારણ સભા બોલાવી છે. હાલમાં સહકારી મંડળીઓની સંખ્યા વધી રહી છે. હરિફાઇનાં આ યુગમાં આવકનો અન્ય સ્ત્રોત શોધી સભાસદોને વધુમાં વધુ ફાયદો થાય તે માટે મંડળી આગળ વધી રહી છે. આ માટે સભામાં હાજર સભાસદોએ વ્યવસ્થાપક કમિટીને જમીન ખરીદી પેટાકાયદા નંબર 3(14) ઉપર મુજબનાં કાર્યો કરવા માટે સર્વાનુમતે મંજૂરી આપી હતી.

આભારવિધિ ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ પટેલે કરી હતી. સમગ્ર સભાનું સંચાલન સહમંત્રીશ્રી નિલેશભાઈ ગુપ્તા તથા મેનેજરશ્રી દિનેશભાઈ પ્રજાપતિએ કર્યું હતું. કાર્યક્રમને સફળ કરવામાં સંસ્થાના કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.



ભરૂચ જિલ્લા સહકારી સંઘ દ્વારા યુવક સહકારી શિક્ષણવર્ગ યોજાયો

ભરૂચ: ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની શિક્ષણ, તાલીમ અને માહિતી અંતર્ગત ભરૂચ જિલ્લા સહકારી સંઘ, ભરૂચ દ્વારા તારીખ 13-07-2026 થી તારીખ 18-07-2026 સુધી, શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભાલાવમાં યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજવામાં આવેલ.

જેના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા સહકારી સંઘના મહિલા સહકારી સમિતિના પ્રમુખશ્રી નિરૂબેન એસ. આહિર, ભરૂચ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી નરેન્દ્રભાઈ લીમ્બચીયા, મહિલા સી.ઈ.આઈ. શ્રી મમતાબેન પંડ્યા, કોલેજના પ્રિન્સિપાલ શ્રી નીતિનભાઈ પટેલ તેમજ પ્રોફેસરશ્રી જાગૃતિબેન અને ઉર્વશીબેન ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કોલેજના અધ્યાપકશ્રી જાગૃતિબેન દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ ચૌહાણ સ્નેહાબેન અને વસાવા સુનીતાબેને સહકારી શિક્ષણ વર્ગ વિશે અભિપ્રાયો આપ્યા હતા.

પ્રાસંગિક ઉદ્બોધનમાં સંઘના મ.સી.ઈ.આઈ. મમતાબેન પંડ્યાએ વિદ્યાર્થીઓને સહકારી શિક્ષણનું મહત્વ તેમજ ડી. સી. એમ. કોર્ષ વિશે માહિતી આપી હતી. પ્રાસંગિક ઉદ્બોધન કરતા કોલેજના પ્રિન્સિપાલશ્રી નીતિનભાઈ પટેલે વિના સહકાર નહિ ઉદ્ધારના સૂત્ર પર વિશેષ ભાર મૂક્યો હતો.

ભરૂચ જિલ્લા સહકારી સંઘના મહિલા સહકાર સમિતિના પ્રમુખશ્રી નિરૂબેન આહિરે વિદ્યાર્થીઓને યુવક સહકારી શિક્ષણ વર્ગનું મહત્વ સમજાવ્યું તેમને સહકારી પ્રવૃત્તિ થકી સેવાનો ભાવ તેમજ આર્થિક રીતે સદ્ધર થવાની બાબત પર ભાર મૂક્યો હતો. સહકાર મંત્રાલયની રચના અને તેની કામગીરી વિશે માહિતી આપી હતી.

આભારવિધિ કોલેજના અધ્યાપિકા શ્રી ઉર્વશીબેન દ્વારા કરવામાં આવી હતી. આ છ દિવસ યુવક સહકારી શિક્ષણ વર્ગ અને પૂર્ણાહુતિ કાર્યક્રમનું સંચાલન ભરૂચ જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. શ્રી સારથિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

તારાપુરઃ ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિક્ષણ અને તાલીમની કામગીરીના ભાગરૂપે આણંદ જિલ્લા સહકારી સંઘ આણંદ દ્વારા સહકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, તારાપુરમાં યુવા સહકારી શિક્ષણ વર્ગનો પૂર્ણાહુતિ કાર્યક્રમ ધી તારાપુર નાગરિક કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ના ચેરમેન શ્રી ચિરાગભાઈ શાહના પ્રમુખપણા હેઠળ યોજાયો.

સદર કાર્યક્રમમાં ધી તારાપુર નાગરિક કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ના મેનેજર શ્રી ચિરાગભાઈ પટેલે આજના આ યુવા ધનને સહકારી પ્રવૃત્તિ એટલે શું. સહકારી પ્રવૃત્તિના ફાયદાઓ, સહકારી પ્રવૃત્તિ દ્વારા ધંધા-રોજગાર, નાના-નાના ગૃહ ઉદ્યોગો કેવું મોટું વિરાટ સ્વરૂપ ધારણ કરે છે તે વિશે ઉદાહરણ આપી સમજાવ્યું હતું. સદર કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રીમતી ડો. નેહાબેન ચૌહાણે સહકારે સમૃદ્ધિ 'વિના સહકાર નહિ ઉધ્ધાર', વિશે સમજાવી સહકારી પ્રવૃત્તિમાં જોડાવા અનુરોધ કર્યો હતો. સદર કાર્યક્રમનું સફળ સંચાલન આણંદ જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી પિન્ટુબેન પટેલે, આભારવિધિ કોલેજના પ્રાધ્યાપક ડો. જૈનાબેન પરમારે કરી હતી.

તેજ રીતે બોરસદ અને ભાદરણ કોલેજોમાં પણ યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગનો પૂર્ણાહુતિ સમારોહ યોજાયો.

સદર કાર્યક્રમમાં આણંદ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી કાર્તિકભાઈ પટેલે જિલ્લા સહકારી સંઘની વિવિધ કામગીરી જણાવી હતી. સાથો સાથ તાલીમાર્થીઓને સહકાર અને સ્વાવલંબન વચ્ચેના સંબંધ અંગે પણ સમજાવ્યું હતું.

આ કાર્યક્રમમાં બોરસદ કોલેજના પ્રિન્સિપાલ શ્રી પરમારે વિદ્યાર્થિઓને સહકાર થી સમૃધ્ધિ વિશે અને જીવનમાં ખૂબ સફળ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમમાં બોરસદ તથા ભાદરણ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તાલીમનું સંપૂર્ણ સંચાલન સંઘના સી. ઈ. આઈ. શ્રી હિતેશ રાઠોડે કર્યું હતું.



પંચમહાલ જિલ્લા સહકારી સંઘ દ્વારા યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

કાલોલ : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અનુસાર પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરા ના ઉપક્રમે શ્રી દિવ્યદ્રષ્ટિ બી.એડ કોલેજ, બેઢીયા તા. કાલોલ મુકામે તારીખ 10/08/2026 થી તારીખ 15/08/2026 સુધી 06 દિવસની મુદતનો યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. જેનો તારીખ 14/08/2026 ના રોજ સમાપન સમારોહ રાખવામાં આવેલ હતો. કોલેજના પ્રિન્સિપાલશ્રી શૈલેષભાઈ ચૌધરી તથા પ્રાધ્યાપકશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કોલેજના પ્રાધ્યાપક શ્રી ગિરીશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું.



પ્રાસંગિક પ્રવચનમાં કોલેજના પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ ચૌધરી સહકારી સંસ્થાઓના મહત્વ વિશે જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય સહકારી સંઘના સી.ઈ.આઈ શ્રી દેવેન્દ્રસિંહ બી. સોલંકીએ નવી ડિજિટલ ટેક્નોલોજી અને નવીન વિચારો સાથે સહકારી ક્ષેત્રમાં યુવાઓ, મહિલાઓ, અને સામૂહિક વિકાસ વિગેરે વિશે માહિતી માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ યુવકવર્ગ અંગે 4 વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ પ્રતિભાવ આપ્યા હતા. યુવક વર્ગનું સફળ સંચાલન સંઘના સી. ઈ. આઈ. શ્રી દેવેન્દ્રસિંહ સોલંકી તથા હંગામી,મ.સી.ઈ.આઈ. શ્રી કલ્પુબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું, કાર્યક્રમની આભારવિધિ કોલેજના પ્રોફેસરશ્રી હરેશભાઈ ખસયા દ્વારા કરવામાં આવી હતી.

વિકેન્દ્રિત અનાજ સંગ્રહ યોજના હેઠળ દેશભરમાં સહકારી મંડળીઓ બની રહી છે ગ્રામ્ય સંગ્રહ અને કૃષિ માળખાની આધારશિલા

નવી દિલ્હી : દેશમાં કૃષિ પેદાશોના સંગ્રહ, પ્રક્રિયા, ખરીદી અને વિતરણને વધુ સુદ્દઢ બનાવવા માટે વર્ષ 2023માં શરૂ કરવામાં આવેલી વિકેન્દ્રિત અનાજ સંગ્રહ યોજના અંતર્ગત સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. આ યોજના હેઠળ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ને કેન્દ્રમાં રાખીને વિવિધ સરકારી યોજનાઓનું સંકલન કરવામાં આવી રહ્યું છે, જેથી ગામડાંના સ્તરે અનાજ સંગ્રહની સુવિધાઓ વિકસાવી શકાય.

યોજનાની શરૂઆત 11 રાજ્યોમાં પાયલોટ પ્રોજેક્ટથી કરવામાં આવી હતી, જેમાં PACS દ્વારા કુલ 9,750 મેટ્રિક ટન સંગ્રહ ક્ષમતા ઊભી કરવામાં આવી હતી. જુલાઈ 2026 સુધીમાં દેશભરની 313 PACSમાં ગોડાઉનનું બાંધકામ પૂર્ણ થયું છે અને તેના પરિણામે 1.80 લાખ ટનથી વધુ વધારાની અનાજ સંગ્રહ ક્ષમતા ઊભી થઈ છે. વિકેન્દ્રિત અનાજ સંગ્રહનું આ મોડેલ માત્ર ગોડાઉન ઊભું કરવા પૂરતું મર્યાદિત નથી. PACSને બહુઉપયોગી ગ્રામ્ય આર્થિક સંસ્થાઓ તરીકે વિકસાવવાના હેતુથી તેમાં કસ્ટમ હાયરિંગ સેન્ટર, પ્રાથમિક પ્રક્રિયા એકમ, વાજબી ભાવની દુકાન અને ખરીદી



313 PACS દ્વારા 1.80 લાખ ટન અનાજ સંગ્રહ ક્ષમતા ઊભી

કેન્દ્ર જેવી વિવિધ સુવિધાઓ પણ જોડવામાં આવી રહી છે.

કસ્ટમ હાયરિંગ સેન્ટર દ્વારા ખેડૂતોને ટ્રેક્ટર, હાર્વેસ્ટર સહિતની કૃષિ મશીનરી ભાડે ઉપલબ્ધ થઈ શકે છે. જ્યારે વાજબી ભાવની દુકાનો મારફતે સ્થાનિક સ્તરે અનાજ તથા પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદનોનું વિતરણ કરવામાં મદદ મળશે. પ્રાથમિક પ્રક્રિયા એકમો દ્વારા કૃષિ પેદાશોની સફાઈ, છટણી અને સુકવણી જેવી કામગીરી શક્ય બનશે, જેના કારણે પેદાશોની ગુણવત્તા અને બજારક્ષમતા વધશે.

આ ઉપરાંત, ખરીદી કેન્દ્રો મારફતે PACS રાજ્યની એજન્સીઓ તેમજ ભારતીય ખાદ્ય નિગમ (FCI) માટે અનાજની ખરીદીમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ સમગ્ર વ્યવસ્થાથી ખેડૂતોને તેમની પેદાશ માટે સ્થાનિક સ્તરે બજાર સાથે જોડાવાની વધુ તકો મળશે.

વિકેન્દ્રિત સંગ્રહ વ્યવસ્થાનો મુખ્ય હેતુ લણણી બાદ થતું નુકસાન ઘટાડવા, સ્થાનિક પુરવઠા સાંકળને મજબૂત બનાવવા અને ખેડૂતોની બજાર સુધીની પહોંચ સુધારવાનો છે. સાથે સાથે PACSને માત્ર ધિરાણ આપતી સંસ્થા તરીકે નહીં પરંતુ ગામડાંના બહુહેતુક આર્થિક વિકાસના કેન્દ્ર તરીકે વિકસાવવાની દિશામાં પણ આ પહેલ મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

એનસીઇએલની... પાના નં. 1નું અનુસંધાન

મૂલ્યશૃંખલાને મજબૂત બનાવવાના પ્રયાસો કરી રહ્યું છે. તેમાં પેદાશની ખરીદી, સંગ્રહ, પ્રોસેસિંગ, ગુણવત્તા પ્રમાણપત્ર, બ્રાન્ડિંગ, પેકેજિંગ, માર્કેટિંગ અને આંતરરાષ્ટ્રીય વેપાર જેવી સમગ્ર પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

આ પહેલનો મુખ્ય હેતુ સહકારી સંસ્થાઓને વૈશ્વિક બજારમાં વધુ અસરકારક રીતે ભાગીદાર બનાવવાનો અને તેમના સભ્યોને તેમની પેદાશોના વધુ સારા અને યોગ્ય વળતર પ્રાપ્ત થાય તે માટે મજબૂત બજાર વ્યવસ્થા ઊભી કરવાનો છે. સંસ્થાએ નાણાકીય વર્ષ 2023-24 અને 2024-25 બંને માટે સભ્ય સહકારી સંસ્થાઓને 20 ટકા ડિવિડન્ડ આપ્યું છે. આથી સહકારી સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતી નિકાસ પ્રવૃત્તિઓના સીધા આર્થિક લાભ સભ્યો સુધી પહોંચે છે અને સહકાર આધારિત નિકાસ મોડલને વધુ પ્રોત્સાહન મળે છે.

બનાસ બાયો-સીએનજી... પાના નં. 4નું અનુસંધાન

હતું કે આવી પહેલો ખેડૂતોની આવક વધારવા ઉપરાંત ડેરી ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહન આપશે અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર તથા આજીવિકાની નવી તકોનું સર્જન કરશે.

આ પ્રકલ્પને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) તરફથી ટેકનિકલ માર્ગદર્શન પ્રાપ્ત થયું છે, જ્યારે સુઝુકીના સહયોગથી ગોબરને CBG તથા ઓર્ગેનિક ખાતરમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. આ પ્રક્રિયા દ્વારા પશુ છાણનું વધુ મૂલ્યવર્ધન થઈ રહ્યું છે અને તેનો સીધો લાભ કૃષિ તથા ડેરી સાથે સંકળાયેલા ગ્રામ્ય પરિવારોને મળી શકે છે.

સુઝુકીના પ્રમુખ તોશિહિરો સુઝુકીએ જણાવ્યું હતું કે, આ ભાગીદારીને વધુ વિસ્તૃત કરીને આગામી સમયમાં વધુ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવાની દિશામાં કામગીરી આગળ વધારવામાં આવી રહી છે. બનાસકાંઠામાં વિકસિત આ મોડલ પશુપાલન, કૃષિ, સ્વચ્છ ઊર્જા અને સહકારને એકસાથે જોડીને 'કચરામાંથી સંપત્તિ' અને 'ગોબરમાંથી સમૃદ્ધિ'ના વિચારને ગ્રામ્ય અર્થતંત્રમાં સાકાર કરવાની દિશામાં નોંધપાત્ર પગલું છે.

દેશના સહકારી... પાના નં. 4નું અનુસંધાન

સ્થિતિમાં 'સહકાર ઈનોવેશન સ્કીમ' સહકારી મંડળીઓ માટે મહત્વપૂર્ણ નાણાકીય આધારરૂપ બની શકે છે. ગ્રાન્ટ સહાય દ્વારા નવી ટેક્નોલોજી અપનાવવા, કામગીરીનું આધુનિકીકરણ કરવા અને નવા ક્ષેત્રોમાં વૈવિધ્યીકરણ કરવા માટેનો નાણાકીય અવરોધ ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ યોજનાનો વ્યાપ સહકારી ક્ષેત્રના વિવિધ ક્ષેત્રો સુધી વિસ્તરી શકે છે. કૃષિ, ડેરી, મત્સ્યોદ્યોગ, ખાદ્યપ્રોસેસિંગ, માર્કેટિંગ, સંગ્રહ અને ગ્રામ્ય સેવાઓ જેવા ક્ષેત્રોમાં કાર્યરત સહકારી મંડળીઓ નવીન પ્રોજેક્ટ્સ હાથ ધરી શકે છે. ડિજિટલ સોલ્યુશન્સ, મૂલ્યવર્ધન, ઉત્પાદન પ્રણાલીમાં સુધારા, નવીન ઉત્પાદનો અને સેવાઓ તેમજ ટકાઉ વ્યવસાયિક પદ્ધતિઓ જેવા ક્ષેત્રોમાં થતી પહેલ સહકારી મંડળીઓને બદલાતી બજારની જરૂરિયાતો અનુસાર વધુ સ્પર્ધાત્મક અને કાર્યક્ષમ બનાવવામાં મદદરૂપ બની શકે છે. 'સહકાર ઈનોવેશન સ્કીમ' NCDC દ્વારા સહકારી ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી રહેલા વ્યાપક પ્રયાસો સાથે પણ સુસંગત છે. NCDCની 'યુવા સહકાર' જેવી પહેલો અગાઉથી જ નવીન વિચારો ધરાવતી નવી રચાયેલી સહકારી સંસ્થાઓ અને સહકારી સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપી રહી છે. SIS દ્વારા ખાસ કરીને પ્રાથમિક સહકારી સ્તરે નવીન પ્રોજેક્ટ્સને ગ્રાન્ટ આધારિત નાણાંકીય સહાય માટે એક અલગ માર્ગ ઉપલબ્ધ થયો છે.

'સહકાર ઈનોવેશન સ્કીમ' (SIS)ના માધ્યમથી સહકારી મંડળીઓને પરંપરાગત પ્રવૃત્તિઓ પૂરતી મર્યાદિત ન રહેતાં નવા વિચારો અને વ્યવસાયો કરવા પ્રોત્સાહન મળે છે. જેનાથી સહકારી મંડળીઓની આર્થિક સદ્ધરતા, સ્પર્ધાત્મકતા અને ટકાઉપણામાં પણ વધારો થશે.

ભારતના સહકારી... પાના નં. 4નું અનુસંધાન

દ્વારા અમૂલ બ્રાન્ડના ઉત્પાદનોનું માર્કેટિંગ કરવામાં આવે છે. GCMMF સાથે 18 સભ્ય દૂધ સંઘો, આશરે 18,600 ગામડાંની દૂધ સહકારી મંડળીઓ અને 36.4 લાખ જેટલા દૂધ ઉત્પાદક સભ્યો જોડાયેલા છે. અમૂલની બ્રાન્ડ શક્તિ સાથે તેની નાણાકીય વૃદ્ધિ પણ નોંધપાત્ર રહી છે. નાણાકીય વર્ષ 2025-26 માં અમૂલ (Amul) બ્રાન્ડનું કુલ વાર્ષિક ટર્નઓવર ₹1 લાખ કરોડ (₹1 ટ્રિલિયન) ને પાર કરી ગયું છે. આ સહકારી વ્યવસ્થા દ્વારા દરરોજ સરેરાશ આશરે 3.2 કરોડ લિટર દૂધનું સંપાદન કરવામાં આવે છે.

અમૂલે છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરરાષ્ટ્રીય બજારમાં પણ પોતાની મજબૂત હાજરી સ્થાપિત કરી છે. અમૂલના ઉત્પાદનો 50થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવે છે. તાજેતરમાં અમેરિકામાં તાજા દૂધના વેચાણની શરૂઆત તથા આંતરરાષ્ટ્રીય સહકારી ભાગીદારીના માધ્યમથી સ્પેન અને પોર્ટુગલ જેવા દેશોમાં વિસ્તરણ જેવા પગલાં લેવામાં આવ્યા છે.

વિશ્વની સૌથી મજબૂત ડેરી બ્રાન્ડ તરીકે અમૂલને મળેલું આ તાજેતરનું સન્માન ભારતના સહકારી ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે. સાથે જ તે 'સહકારથી સમૃદ્ધિ'ના ભારતીય સંકલ્પને વૈશ્વિક સ્તરે સાકાર કરતું ઉદાહરણ પણ પૂરું પાડે છે. અમૂલની સફળતા દર્શાવે છે કે સહકાર, વિશ્વાસ, ગુણવત્તા અને ખેડૂત કેન્દ્રિત વ્યવસ્થાના આધારે ઊભું થયેલું ભારતીય સહકારી મોડેલ વૈશ્વિક બજારમાં પણ સફળતાપૂર્વક સ્પર્ધા કરી શકે છે.

યુવા શક્તિ, નૈતિક... પાના નં. 4નું અનુસંધાન

કરવામાં આવી હતી.

APCYS 5.0ના લોગોનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. લોગોમાં દર્શાવવામાં આવેલા ચાર વળાંકદાર આકારો ડેટાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે ચાર બિંદુઓ યુવા શક્તિનું પ્રતીક છે. લોગોમાં સમાવિષ્ટ ડિજિટલ ગ્લોબ નૈતિક કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા સંચાલિત પરસ્પર જોડાયેલા ભવિષ્યનું પ્રતિબિંબ રજૂ કરે છે. આ લોગો સમિટના મુખ્ય વિચાર—યુવા શક્તિ, ડિજિટલ પરિવર્તન અને નૈતિક ટેક્નોલોજી—ને પ્રતીકાત્મક રીતે રજૂ કરે છે.

સમિટના પ્રારંભિક સત્રમાં 13 દેશોના આશરે 130 યુવા સહકારીઓ, નીતિનિર્માતાઓ, ટેક્નોલોજી નિષ્ણાતો અને સહકારી નેતાઓ એકત્ર થયા હતા. ચાર દિવસ દરમિયાન મુખ્ય પ્રવચનો, પ્લેનરી સત્રો અને ક્ષમતાનિર્માણ કાર્યક્રમો ઉપરાંત AI વર્કશોપ, Coop Pitch, Policy Hack Dialogue, Youth Open Mic and Story Circle તથા Coop Live Pitch જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમોએ યુવાનોને સહકારી ક્ષેત્રની સમસ્યાઓ માટે ડિજિટલ અને નવીન ઉકેલો રજૂ કરવાની તક પૂરી પાડી હતી.

સમિટ દરમિયાન એ વાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો કે AI અને ડિજિટલ ટેક્નોલોજીનો વિકાસ માનવકેન્દ્રિત, નૈતિક અને સહકારી મૂલ્યો સાથે સુસંગત હોવો જોઈએ. યુવાનોને માત્ર નવી ટેક્નોલોજીના ઉપયોગકર્તા તરીકે નહીં પરંતુ ભવિષ્યની સહકારી અર્થવ્યવસ્થાના નીતિનિર્માતા, નવપ્રવર્તક અને પરિવર્તનના નેતા તરીકે તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો.

કાર્યક્રમના ભાગરૂપે 'ગો ગ્રીન કેમ્પેઈન' તથા સહકારી અને AI આધારિત સંસ્થાઓની મુલાકાતો પણ લેવામાં આવી હતી. સમિટના અંતે 'APCYS 5.0 Commitment' રજૂ કરવામાં આવ્યું હતું, જે યુવા સહકારીઓની ભાવિ દિશા અને પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. APCYS 5.0નું મહત્વ માત્ર ટેક્નોલોજી અંગેની ચર્ચા પૂરતું મર્યાદિત રહ્યું નથી. આ સમિટે સહકારી મૂલ્યો અને ડિજિટલ નવીનતા વચ્ચે સંતુલન સ્થાપિત કરવાની દિશા પણ સ્પષ્ટ કરી છે. AI અને ડિજિટલ અર્થવ્યવસ્થાના ઝડપથી બદલાતા યુગમાં સહકારી સંસ્થાઓ કેવી રીતે વધુ સમાવેશી, પારદર્શક, લોકશાહી અને ટકાઉ બની શકે તે અંગે યુવા પેઢીએ મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા.

એશિયા-પેસિફિક ક્ષેત્રના સહકારી આંદોલન માટે આ સમિટ એક મહત્વપૂર્ણ મંચ બની છે. ખાસ કરીને ભારત જેવા વિશાળ સહકારી નેટવર્ક ધરાવતા દેશ માટે યુવા શક્તિ, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સહકારી સિદ્ધાંતોનું સંકલન ભવિષ્યમાં સહકારી સંસ્થાઓને વધુ ટેક્નોલોજી-સક્ષમ અને સભ્યકેન્દ્રિત બનાવવામાં ઉપયોગી બની શકે છે. યુવાનોની સર્જનાત્મકતા અને સહકારી મૂલ્યોના સમન્વયથી સમાવિષ્ટ, નૈતિક અને ટકાઉ ડિજિટલ સહકારી અર્થવ્યવસ્થા ઊભી કરવાની દિશામાં APCYS 5.0 એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થઈ છે.

"સાંસદ રત્ન એવોર્ડ" વર્ષ 2025-26 માટે ઉત્કૃષ્ટ સંસદીય કામગીરી બદલ

પૂર્વ રાજ્યસભા સાંસદશ્રી નરહરિભાઈ અમીનને સાંસદ રત્ન એવોર્ડ

અમદાવાદ : પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશન દ્વારા તા.9 સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે 16માં સાંસદરત્ન એવોર્ડ્સ - 2026ના વિતરણનો કાર્યક્રમ કેન્દ્રિય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીના અધ્યક્ષ સ્થાને તેમજ કેન્દ્રિય રા. ક. મંત્રી શિક્ષણ અને પૂર્વોતર રિજિયન વિકાસ ડૉ. સુકન્તા મજુમદાર, ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ બી. આર. ગવાઈ અને NCBCના પૂર્વ ચેરમેન, એવોર્ડ માટેની જ્યુરી કમિટીના ચેરમેન હંસરાજ જી. આહીર અને સંસદસભ્ય ભર્તૃહરિ મહતાબના હસ્તે અને પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશનના ચેરમેન શ્રીનિવાસન અને સાંસદ રત્ન એવોર્ડ કમિટીના ચેરમેન પ્રિયદર્શીની રાહુલની ઉપસ્થિતિમાં યોજાયો આવ્યો હતો.

18મી લોકસભા વર્ષ 2025–26 માટે બજેટસત્રના અંત સુધી સંસદમાં કરેલી શાનદાર કામગીરી, પ્રશ્નોત્તરી અને ચર્ચાઓમાં ભાગીદારીના આધારે ઉત્કૃષ્ટ સંસદીય કામગીરી બદલ પૂર્વ રાજ્યસભા સાંસદ (ગુજરાત), પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી રાજ્યના સહકારી અગ્રણી અને રાજ્ય સહકારી સંઘના ડિરેક્ટરશ્રી નરહરિભાઈ અમીનને આ એવોર્ડ અપાયો હતો. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની પ્રેરણાથી પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2010થી આ એવોર્ડ ફંક્શનની શરૂઆત કરાઈ હતી. આ એવોર્ડ ફંકશનમાં સમગ્ર દેશમાંથી નરહરિભાઈ અમીન સહિત 12 સંસદસભ્યો અને 4 સંસદીય સમિતિઓ અને રાષ્ટ્રીય અનુસુચિત જાતિ આયોગને "સાંસદ રત્ન એવોર્ડ" અપાયો હતો.



ગુજકોમાસોલે વિક્રમી ટર્નઓવર નોંધાવી રૂા. 60 કરોડનો નફો કર્યો

અમદાવાદ : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિ. (ગુજકોમાસોલ)ની 65મી વાર્ષિક સાધારણ સભામાં અત્યાર સુધીનું સૌથી વધુ 3 11,479 કરોડનું ટર્નઓવર નોંધાવ્યું હોવાની જાહેરાત કરવામાં આવી હતી. સભામાં ગુજકોમાસોલ તથા ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ કહ્યું કે, સંસ્થાને રૂ. 152.63 કરોડનો ગ્રોસ નફો તથા કરવેરા બાદ રૂ. 60 કરોડનો ચોખ્ખો નફો થયો છે. સભાસદોને 20 ટકા ડિવિડન્ડ આપવાની ભલામણ કરવામાં આવી છે. ફંડમાં રૂ. 61.88 કરોડનો વધારો થતાં રિઝર્વ તથા અન્ય ફંડો વધીને રૂ.218 કરોડ થયા છે, કાયમી મિલકતોમાં રૂા. 48,92 કરોડનો વધારો થયો છે. સંસ્થાએ ચાલુ વર્ષે રૂ. 2,115 કરોડના 17.59 લાખ મે.ટન ખાતરનું વિતરણ કર્યું છે. ઈફ્કો દ્વારા 5.52 લાખ મે.ટન અને ક્રિભકો દ્વારા 4.93 લાખ મે.ટન ખાતરનો પુરવઠો કરવામાં આવ્યો છે, જ્યારે 9.79 લાખ નેનો ખાતરની બોટલોનું પણ

ખાતરના પુરવઠા વિતરણમાં સંસ્થાની નમૂનેદાર કામગીરી

વિતરણ થયું છે. બિયારણ વિભાગ દ્વારા રૂ. 114.09 કરોડનાં ઉચ્ચ ગુણવત્તાવાળાં શુદ્ધ સર્ટિફાઇડ બિયારણો ખેડૂતોને પૂરા પાડવામાં આવ્યા છે.

જંતુનાશક દવા વિભાગનું ટર્નઓવર રૂ. 1 કરોડથી વધીને રૂ. 3.13 કરોડ થયું છે. ટેકાના ભાવે મગફળી, ચણા, સોયાબીન, રાયડો, તુવેર, મગ અને અડદ સહિતની જણસોની રૂ. 8,680 કરોડની કુલ 12.20 લાખ મે.ટન જેટલી ખરીદી પારદર્શક રીતે કરવામાં આવી છે. વૈવિધ્યકરણ અને વેલ્યુ એડિશન વિભાગનું ટર્નઓવર પ્રથમ વર્ષે રૂ. 2.19 કરોડથી વધીને ચાલુ વર્ષે રૂ. 48 કરોડ થયું છે અને 15,411 એકરમાં ડ્રોન દ્વારા છંટકાવની કામગીરી હાથ ધરાઈ છે. ગુજકોમાસોલના રાજ્યભરના કુલ 145 ગોડાઉનોની અંદાજિત 2 લાખ મે.ટન સ્ટોરેજ ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગોડાઉનોના રિનોવેશન પાછળ ચાલુ વર્ષે રૂ. 25 કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, જેના પરિણામે અત્યાર સુધીની સૌથી વધુ રૂ. 8.37 કરોડની ભાડાની આવક ઊભી થઈ છે.

બનાસ બાયો-સીએનજી પ્લાન્ટથી ડેરી અર્થતંત્રને નવી ઊર્જા

પાલનપુર/વિંછીવાડી: ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના વિંછીવાડી ખાતે ગોબર આધારિત 100 મેટ્રિક ટન પ્રતિદિન (MTPD) ક્ષમતાવાળા કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પશુઓના છાણને કચરો નહીં પરંતુ ઊર્જા અને આવકના સ્રોત તરીકે ઉપયોગમાં લેવાની દિશામાં આ પ્રકલ્પ સહકારી ડેરી ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ પહેલ બની રહ્યો છે. આ પ્લાન્ટ દ્વારા પશુછાણમાંથી સ્વચ્છ ઊર્જા ઉપરાંત ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન થશે, જેના પરિણામે પશુપાલકો અને ખેડૂતો માટે વધારાની આવકની તકો ઊભી થશે.



ગુજરાતમાં 100 મેટ્રિક ટન પ્રતિદિન ક્ષમતાવાળા ગોબર આધારિત CBG પ્લાન્ટનું લોકાર્પણ

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તથા બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, "ગોબર કચરો નથી" તે વિચારને સાકાર કરતી આ પહેલ ડેરી અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે. પશુછાણમાંથી ઊર્જાનું ઉત્પાદન થવાથી પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે અને ગ્રામ્ય વિસ્તારોમાં પરિપત્ર અર્થતંત્ર (Circular Rural Economy)ને વેગ મળશે.

ગુજરાતના કૃષિ અને સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ બનાસ બાયો-સીએનજી મોડલને સહકાર ક્ષેત્રમાં નવી ક્રાંતિ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું

અનુસંધાન પાના નંબર : 3

ખેતી બેંકના ગૌરવશાળી 75 વર્ષ : ગુજરાતના ખેડૂતોનો વિશ્વાસ, સહકાર, સેવા અને સમૃદ્ધિની ગૌરવગાથા છે

અમદાવાદ : ગુજરાતના સહકારી ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવતી ખેતી બેંકના ગૌરવશાળી 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે તારીખ 6 સપ્ટેમ્બર, રવિવાર 2026ના રોજ "એક્વા વેલી, ત્રાગડ, અમદાવાદ" ખાતે બેંકના 75 મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ ઐતિહાસિક પ્રસંગેની ભવ્ય ઉજવણી ખેતી બેંકના ચેરમેનશ્રી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ તથા વિશિષ્ટ આમંત્રિતોની ઉપસ્થિતિમાં અને બેન્કની ગુજરાતની તમામ શાખા કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવી હતી.

ખેતી બેન્કની આ ભવ્ય ઉજવણી કાર્યક્રમમાં સૌપ્રથમ ખેતી બેંકના સ્થાપક સ્વ. ઉદયભાણસિંહજીને સમર્પિત વિશેષ મહા આરતી, ખેતી બેંકની 75 વર્ષની ગૌરવશાળી અને સુવર્ણ સફરને રજૂ કરતી વિશેષ પ્રસ્તુતિ, જાણિતા સ્ટેન્ડ-અપ કોમેડિયન કમલેશ દરજીની હાસ્યસભર પ્રસ્તુતિ, જાણિતા ઈલ્યુઝનિસ્ટ સપન



જોશીનો રોમાંચક અને વિશેષ શો, રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત DID વિજેતા ડાન્સર કમલેશ પટેલની વિશેષ ડાન્સ પરફોર્મન્સ, જાણિતા મોટિવેશનલ સ્પીકર જિતેન્દ્ર અઢિયાનું મન ઉપર માર્ગદર્શન, ખેતી બેંકના કર્મચારીઓ દ્વારા ગરબા, રાજસ્થાની નૃત્ય, ગીત, ભજન, ગુજરાતી ગીત-શાયરી તથા વિવિધ સંગીતમય પ્રસ્તુતિઓ તથા કર્મચારીઓ દ્વારા "કાગઝ સે એક ક્લિક તક" વિષય પર વિશેષ નાટ્ય પ્રસ્તુતિ અને ડોક્યુમેન્ટરી, ખેતી બેંકના બ્રાન્ડ એમ્બેસેડર નિરમા ઠાકોરનું હૈદરાબાદ ખાતે યોજાયેલી મેરેથોનમાં આશરે 35,000 પ્રતિયોગીઓ વચ્ચે ચેમ્પિયન બની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરવા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું.

ખેતી બેંકના ચેરમેનશ્રીએ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કર્મચારીઓને પ્રોત્સાહિત કરી સન્માનિત કર્યા અને જણાવેલ કે ખેતી બેંકના 75 વર્ષ માત્ર એક સીમાચિહ્ન નથી, પરંતુ ગુજરાતના ખેડૂતોના વિશ્વાસ, સહકાર, સેવા અને સમૃદ્ધિની 75 વર્ષની ગૌરવગાથા છે.

રાષ્ટ્રીય સહકારી આગેવાનશ્રી ઘનશ્યામભાઈ અમીનની મુલાકાતે આવેલ નેપાળના પૂર્વ રાજ્ય ગૃહમંત્રી અને નેપાળ સહકારી ફેડરેશનના અધ્યક્ષશ્રી દીપક પ્રકાશ બોસ્કોટાજી

અમદાવાદ : નેપાળ સરકારના ભૂતપૂર્વ રાજ્ય ગૃહમંત્રી અને નેપાળ સહકારી ફેડરેશનના અધ્યક્ષ શ્રી દીપક પ્રકાશ બાસ્કોટાજીએ રાષ્ટ્રીય સહકારી આગેવાન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીનની ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ ખાતે મુલાકાત લીધી હતી. શ્રી અમીને શ્રી દીપક પ્રકાશ બાસ્કોટાજીનું હાર્દિક સ્વાગત કરી તેમના દ્વારા લખાયેલ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ પુસ્તક ભેટ આપ્યું હતું.

શ્રી અમીને સહકારી ક્ષેત્રના અનુભવો અને વિચારોનું આદાનપ્રદાન કરી, ગુજરાતની સહકારી પ્રવૃત્તિ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને તેના છ તાલીમ કેન્દ્રો દ્વારા સહકારી શિક્ષણ, તાલીમ અને વ્યવસ્થાપન તેમજ સહકારી ક્ષેત્રના વિકાસના ક્ષેત્રોમાં હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.

આદરણીય મહેમાનશ્રીએ રાજ્ય સહકારી સંઘ અને તેના કેન્દ્રોના શૈક્ષણિક અને તાલીમલક્ષી કાર્યોની પ્રશંસા કરી હતી. રાજ્ય સહકારી સંઘના અધિકારીઓએ પણ આ બેઠકમાં ભાગ લીધો હતો. શ્રી દીપક પ્રકાશ બાસ્કોટાજીએ શ્રી અમીનને નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીની ગવર્નિંગ કાઉન્સિલમાં સતત 9મા કાર્યકાળ માટે સર્વાનુમતે ચૂંટવા બદલ અભિનંદન પાઠવ્યા



હતા. અને નેપાળમાં સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા માટે તેમના મૂલ્યવાન માર્ગદર્શન માટે નેપાળની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું.

આ મુલાકાત સહકારી ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સંબંધો અને ભારત અને નેપાળ વચ્ચે સહકારના મૂલ્યોને મજબૂત બનાવશે. શ્રી દીપક પ્રકાશ બોસ્કોટાજીના જીવન ચરિત્ર અંગે તૈયાર થતાં પુસ્તક માટે શ્રી ઘનશ્યામભાઈ અમીન સાથેના સંસ્મરણો મંગાવ્યા હતા.

શ્રી બોસ્કોટાજી સાથેના સંસ્મરણો શ્રી અમીને તૈયાર કરી રૂબરૂમાં સૂપ્રત કર્યા હતા. શ્રી દીપક પ્રકાશ બોસ્કોટાજીએ નેપાળમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ થાય તે માટે શ્રી અમીનને રાજ્ય સહકારી સંઘ સાથે નેપાળ સહકારી ફેડરેશનના એમઓયુ કરવા દરખાસ્ત કરી હતી. જેનો શ્રી અમીને સહર્ષ સ્વીકાર કરી તે અંગે વિચાર વિમર્શ કર્યો હતો.

ભારતનું સહકારી મોડેલ અમૂલ વિશ્વની સૌથી મજબૂત ડેરી બ્રાન્ડ તરીકે પસંદ

અમદાવાદ: ભારતની અગ્રણી ડેરી સહકારી સંસ્થા અમૂલે વૈશ્વિક સ્તરે વધુ એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તાજેતરના Brand Finance Food



& Drink 2026 અભ્યાસમાં અમૂલને વિશ્વની સૌથી મજબૂત ડેરી બ્રાન્ડ તરીકે સ્થાન મળ્યું છે. વિશ્વની અગ્રણી ફૂડ, નોન-આલ્કોહોલિક બેવરેજ અને ડેરી બ્રાન્ડ્સનું બ્રાન્ડ મૂલ્ય અને બ્રાન્ડ સ્ટ્રેન્થના આધારે મૂલ્યાંકન કરવામાં આવતાં અમૂલે આ પ્રતિષ્ઠિત સ્થાન મેળવ્યું છે.

Brand Financeના અહેવાલ



અનુસાર અમૂલનું બ્રાન્ડ મૂલ્ય 22 ટકા વધીને 5 અબજ અમેરિકી ડોલર થયું છે. જ્યારે અમૂલનો Brand Strength Index (BSI) સ્કોર 100માંથી 93.0 રહ્યો છે, જેના આધારે તેને AAA+ બ્રાન્ડ સ્ટ્રેન્થ રેટિંગ પ્રાપ્ત થયું છે. વિશ્વની સૌથી મજબૂત ફૂડ બ્રાન્ડ્સમાં અમૂલને બીજું સ્થાન, વિશ્વની સૌથી મૂલ્યવાન ડેરી બ્રાન્ડ્સમાં ચોથું સ્થાન અને વિશ્વની સૌથી મૂલ્યવાન ફૂડ બ્રાન્ડ્સમાં 13મું સ્થાન મળ્યું છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે વિશ્વની ટોચની 50 ફૂડ બ્રાન્ડ્સમાં સ્થાન મેળવનાર અમૂલ એકમાત્ર ભારતીય બ્રાન્ડ છે.

અમૂલની આ વૈશ્વિક સફળતા માત્ર એક બ્રાન્ડની સિદ્ધિ નથી, પરંતુ ભારતના સહકારી આંદોલન અને લાખો દૂધ ઉત્પાદક ખેડૂતોની સામૂહિક શક્તિનું પ્રતિબિંબ છે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF)

અનુસંધાન પાના નંબર : 3

યુવા શક્તિ, નૈતિક AI અને ડિજિટલ સહકારનું ભવિષ્ય ઘડવા APCYS 5.0નું આયોજન

હાંગઝોઉ, ચીન: ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ–એશિયા એન્ડ પેસિફિક (ICA-AP) દ્વારા 5મી એશિયા-પેસિફિક કો-ઓપરેટિવ યુથ સમિટ (APCYS 5.0)નું આયોજન 1થી 4 સપ્ટેમ્બર, 2026 દરમિયાન ચીનના હાંગઝોઉ શહેરમાં કરવામાં આવ્યું હતું. સમિટમાં એશિયા-પેસિફિક ક્ષેત્રના યુવા સહકારી નેતાઓ, નવપ્રવર્તકો, ઉદ્યોગસાહસિકો, નીતિનિર્માતાઓ અને ટેક્નોલોજી નિષ્ણાતોએ ભાગ લઈને સહકારી ક્ષેત્રના ડિજિટલ ભવિષ્ય અંગે વિચારવિમર્શ કર્યો હતો.

આ વર્ષની સમિટની મુખ્ય થીમ "Future-Ready Cooperatives: Youth Shaping Ethical AI and

હાંગઝોઉમાં 5મી એશિયા-પેસિફિક કો-ઓપરેટિવ યુથ સમિટ; 13 દેશોના આશરે 130 યુવા સહકારીઓ, નિષ્ણાતો અને નીતિનિર્માતાઓની સહભાગિતા

Digital Economies", એટલે કે "ભવિષ્ય માટે સજ્જ સહકારી સંસ્થાઓ: નૈતિક AI અને ડિજિટલ અર્થવ્યવસ્થાને આકાર આપતી યુવા શક્તિ" હતી. આ થીમ અંતર્ગત કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), ડિજિટલ અર્થવ્યવસ્થા, નૈતિક ટેક્નોલોજી, યુવા નેતૃત્વ, સહકારી નવીનતા અને ટકાઉ વિકાસ જેવા વિષયો પર વિશેષ ચર્ચા

અનુસંધાન પાના નંબર : 3

દેશના સહકારી ક્ષેત્રમાં નવીનતા લાવવા માટે NCDCની સહકાર ઈનોવેશન સ્કીમ

નવી દિલ્હી: દેશના સહકારી ક્ષેત્રમાં નવીનતા, આધુનિકીકરણ અને ટેક્નોલોજીના ઉપયોગને વેગ આપવા માટે નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) દ્વારા 'સહકાર ઈનોવેશન સ્કીમ' (Sahakar Innovation Scheme–SIS) શરૂ કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક સ્તરની સહકારી મંડળીઓમાં નવીન વિચારોને પ્રોત્સાહન આપી તેમને વ્યવહારુ અને ટકાઉ વ્યવસાયમાં પરિવર્તિત કરવાનો છે. નવી ટેક્નોલોજી અપનાવવી, નવીન ઉત્પાદનો અને સેવાઓ વિકસાવવી, નવા બિઝનેસ મોડલ ઊભા કરવા, બજાર સાથે વધુ મજબૂત જોડાણ સ્થાપિત કરવું તેમજ ટકાઉ અને પર્યાવરણલક્ષી ઉકેલો વિકસાવવાના પ્રોજેક્ટ્સને આ યોજના હેઠળ પ્રોત્સાહન આપવાનો છે. નાણાકીય વર્ષ 2025–26થી અમલમાં આવેલી આ ગ્રાન્ટ આધારિત યોજના અંતર્ગત પાત્ર સહકારી મંડળીઓને નવીન, વ્યવહારુ અને અસરકારક પ્રોજેક્ટ્સ માટે રૂ. 25 લાખ સુધીની 100 ટકા ગ્રાન્ટ સહાય આપવામાં આવે છે.



'સહકાર ઈનોવેશન સ્કીમ' હેઠળ પાત્ર સહકારી મંડળીઓને રૂ. 25 લાખ સુધીની 100 ટકા ગ્રાન્ટ

ભારતનું સહકારી ક્ષેત્ર હાલમાં ઝડપી ડિજિટલ અને સંસ્થાકીય પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. સહકારી મંડળીઓનું કોમ્પ્યુટરાઈઝેશન, ટેક્નોલોજી આધારિત સેવાઓ, મૂલ્યશૃંખલાનો વિકાસ, બજાર સુધી પહોંચ અને વ્યવસાયિક કાર્યક્ષમતામાં વધારો જેવા પરિબળો હવે સહકારી સંસ્થાઓને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ બની રહ્યા છે. આવા સમયે નવીનતા આધારિત નાણાકીય સહાય સહકારી મંડળીઓની ક્ષમતા વધારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે.

ગ્રામ્ય અને પ્રાથમિક સ્તરે કાર્યરત અનેક સહકારી મંડળીઓ પાસે નવીન વિચારો અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ વ્યવસાયિક સંભાવનાઓ હોય છે, પરંતુ પૂરતા નાણાકીય સંસાધનોના અભાવે આ વિચારો ઘણી વખત પ્રયોગ કે અમલીકરણના તબક્કા સુધી પહોંચી શકતા નથી. આવી

અનુસંધાન પાના નંબર : 3

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-09-2026